## આજે ટેલિફોન કોલોની ખાતે સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરના પ્રસિદ્ધ કથાકાર અને લોક સાહિત્યકાર કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે આજે તા. ૩૧મી મે-૨૦૧૨ને ગુરુવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ટેલિફોન કોલોની, સેક્ટર-૨૪, ગાંધીનગર ખાતે જે.એ. બધેલના યજમાન પદે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે.

શૈલેષભાઈ તથા સોની બધેલની સુપુત્રી અક્ષરાના પ્રથમ જન્મ દિન નિમિત્તે જે.એ. બધેલના યજમાનપદે સંગીતમય સુંદરકાંડના પાઠ યોજાશે જેનો સૌ ભક્તજનોને લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## આજે શાલીન-૪માં સુંદરકાંડના પાઠ યોજાશે

ગાંધીનગરના યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૩૧મી મે-૨૦૧૨ને ગુરુવારના રોજ રાત્રે ૮.૩૦ કલાકે વાવોલ ગામના શાલીન-૪, બ્લોક નં. બી-૨/૧ ખાતે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. સવિતાબેન કનૈયાલાલ ભટ્ટના યજમાનપદે યોજાનાર સુંદરકાંડના પાઠમાં સૌ ભક્તજનોને પધારવા આયોજન દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.




## ‘સખી, સૈંયા બહુત હી કમાત હૈ, લેકિન મહેંગાઈ ડાયન ખાઈ જાત હૈ...’

આજ કાલ તો મોંઘવારીએ એવું મોં ફાડ્યું છે કે, તેના જડબામાં ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગની સાથે સાથે અમીર વર્ગ પણ સપડાઈ ગયો છે. ઘર વપરાશની ચીજોથી માંડીને ખાવા પીવાની, પહેરવા ઓઢવાની અને રહેવા-ફરવાની બધી જ જગ્યાએ કાળઝાળ મોંઘવારી ફૂલી-ફાલી છે. આવી અસહ્ય મોંઘવારી બાબતે સરકારની આંખો ખૂલે તે માટે ભાજપ મહાનગર મહિલા મોરચા દ્વારા ઘ-૩ થી ઘ-૨ સુધી મોંઘવારી વિરૂદ્ધ રેલીનો કાર્યક્રમ યોજાયો હતો. પ્રદેશ પ્રભારી મહિલા મોરચાના હંસા કુંવરબા રાજ અને મહાનગર મહિલા મોરચાના પ્રમુખ ભારતીબેન શુકલ તેમજ સંગઠન હોદ્દેદાર બહેનોએ મોંઘવારી વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા અને ઘંટનાદનો કાર્યક્રમ યોજ્યો હતો.

## ચિલોડા સીમના ટ્યુબવેલ પરથી રૂ. ૧૨૦૦૦ની કિંમતના કેબલની ચોરી

ચિલોડા, તા. ૩૦

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિભાગમાં તાજેતરમાં દોલારાણા વાસણાની સાબરમતી નદીના પટમાં લૂંટની શાહી સુકાઈ નથી ત્યારે ચિલોડા ગામના વતની વિનોદચંદ્ર બાબુલાલ પટેલના બોર પરથી તા. ૨૯મી મે ના રોજ સાંજના સુમારે બોર પરથી કેબલ ચોરી થવાનો બનાવ બનતાં ખેડૂતોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી હતી.

આ બનાવની વિગત એવી છે કે ચિલોડા સીમમાં આવેલ ખાંટવાળુ ગોચરની નજીક ગામના રહેવાસી વિનોદચંદ્ર બાબુલાલ પટેલનો પોતાનો ટ્યુબવેલ પરથી સાંજના સુમારે ૭.૩૦ થી ૮.૩૦ વાગ્યાના સુમારે તેઓ પોતે ઘેર જમવા આવ્યા હતા. ત્યારબાદ આ અરસામાં કોઈ ઈસમ દ્વારા બોરનો ૪ એમ.એમ.નો ૧૦ મીટર વાયર આશરે ૧૨,૦૦૦ની કિંમતનો કેબલ કાપી ચોરી કરી પલાયન થઈ ગયેલ છે. જ્યારે બોરના માલિક વિનોદભાઈ બોરની સાઈટ પર આવતાં બોર ચાલુ કરવા છતાં બોર ચાલુ ન થતાં તપાસ કરતાં બોરનો વાયર કાપી ચોરી થયાનો ખ્યાલ આવતાં તુરત જ ચિલોડા પોલીસ સ્ટેશને આ અંગે લેખિતમાં અરજી આપી હતી. ત્યારબાદ તેઓએ જુદા જુદા સ્થળે શોધખોળ આદરી હોવાનું જાણવા મળે છે.

## સેક્ટર-૩-એ-ન્યૂ ખાતે આનંદના ગરબાનું આયોજન થયું

ગાંધીનગર, તા. ૩૦

સેક્ટર-૩-એ-ન્યુમાં જુદી જુદી પ્રવૃત્તિનુંઆયોજન વાર-તહેવારે યોજાય છે. આનંદનો ગરબાનું શીવ શક્તિ મંદિર ખાતે મોટા મેદાનમાં આયોજન થયુંહતું. બપોરે ૩.૦૦થી ૬.૦૦ સુધી જેમાં ત્રણ વખત આનંદનો ગરબો ગવાયો. ત્રણ વખત ગરબો ગાવો બરાબર એક યજ્ઞ થયો એમ કહેવાય. પ્રાર્થના, આરતી કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં બહેનોએ હાજરી આપી હતી. તેમાં પેંડા-ચવાણાનો નાસ્તો વહેંચવામાં આવ્યો તથા રસનાનું પણ વિતરણ થયું હતું.

## કર્મચારીઓ પડતર પ્રશ્નો માટે આંદોલન ઉગ્ર બનાવશે

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજય કર્મચારી સંકલન સમિતિની પડતર પ્રશ્નોના આંદોલનને સફળ બનાવવા બાબતે સમગ્ર રાજય સરકારના કર્મચારીઓની મંડળોની એક સભા ગાંધીનગર ખાતે તા. ૩૦મી ના રોજ મળેલી હતી. જેમાં સંકલન સમિતિનાં આદેશ અનુસાર કર્મચારી મંડળના તમામ હોદ્દેદારો સમગ્ર ગુજરાતનો પ્રવાસ કરી જિલલા મથકોએ રેલી તથા સભાઓ યોજાશે. તા. ૩૧મી જુલાઈની માસ સી.એલ. સફળ બનાવવા જાગૃતિ કરવામાં આવશે. વિશેષમાં હોદ્દેદારો ઉપર કરેલો કેસો પાછા ન ખેંચાય અને હોદ્દેદારોની કરેલ બદલીઓ મૂળ જગ્યાએ પરતના હુમકો ન કરે ત્યાં સુધી વાટાઘાટો કરવા જ જયાં મંડળના મહામંત્રી શ્રી આર.એ. પટેલે જણાવ્યું છે તા. ૧૫મી ઓગસ્ટે સમાંતર ધ્વજવંદનમાં ગુજરાતના તમામ કર્મચારી હાજર રહેવા માટે મહામંડળના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

તા. ૧૯મી જૂનના રોજ દક્ષિણ ઝોન ભરૂચ ખાતે રેલી તથા સભા, તા. ૨૯મી જૂનના રોજ સૌરાષ્ટ્ર ઝોનની, ઉત્તર ઝોનની રેલી તથા સભા તા. ૧૦મી જુલાઈએ ઉત્તર ઝોનની હિંમતનગર ખાતે રેલી તથા સભા, તા. ૨૪મી જુલાઈએ કચ્છમાં ભૂજ ખાતે રેલી તથા સભા તા. ૩૧મી જુલાઈએ માસ સી.એલ. પર જશે. તા. ૧૫મી ઓગસ્ટે તમામ કર્મચારીઓ ગાંધીનગરમાં મહારેલી તથા સમાંતર ધ્વજવંદન કરશે.





## સેકટર-૩/એ/ન્યુના ગોપીમંડળની સક્રિયતા જામી છે

સેક્ટર-૩એ ન્યુમાં ૨૦૦૩ દેવદિવાળીના દિવસે કમળાબેન રાજુબાઈ સોલંકીની આગેવાની નીચે ગોપી મંડળની રચના કરવામાં આવી છે. પંદર બહેનોએ કનૈયાનો ફોટો લાવી મંડળની સ્થાપના કરીને ભજનોની રમઝટ બોલાવવાની શરૂ કરી. સ્વફાળો મહિલાઓએ ઉઘરાવીને સદ્કાર્યમાં ઉપયોગ કરવાનું નક્કી કર્યું.દર વર્ષે ઉત્તરાયણના દિવસે શ્વાનો માટે ચોખ્ખા ઘીનો શીરો બનાવીને પ્રસાદ રૂપે ધરાવવામાં આવે છે. વર્ષમાં એકાદ વખત વૃધ્ધાશ્રમમાં વૃધ્ધો સાથે મિષ્ઠાન સાથેનું જમણ પીરસીને ધર્મની વાતોનું આદાનપ્રદાન કરવામાં આવે છે. નાનું મંડળ પણ મોટું યોગદાન આપે છે. મંદિરોમાં દીવા માટે ઘી આપ્યું, માતાજીનો શણગાર, ભજન માટેના વાદ્ય સંગીતના સાધનો - ખંજરી, મંજરી, ઢોલ, શેતરંજી, આસનો, ભગવાનના છત્રના ચાંદીના વાસણો, ભેટ આપવામાં આવે છે. જન્માષ્ટમી, શિવરાત્રી, નવરાત્રીના જુદા જુદા ગામે ભજન મંડળીઓ જઈને ધાર્મિક કાર્યક્રમો ઉત્સાહપૂર્વક ઉજવે છે. આમ સેક્ટર-૩ એ ન્યુ ગોપી મંડળએ શહેરમાં પ્રસંશનીય કામગીરી કરી છે.

## અરવિંદ કેન્દ્ર સેકટર-૨૩માં યોગાચાર્ય ડૉ. સત્યપ્રકાશ સૂરીની સેવાઓને લાખ લાખ સલામ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ૧૯૯૩થી એક સતત પ્રવૃત્તિ અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ગાંધીનગરમાં ચાલે છે. અરવિંદ કેન્દ્રમાં સવારે ડૉ. સત્યપ્રકાશ સૂરી દ્વારા યોગ કેન્દ્રમાં હજારો ગાંધીનગરના રહેવાસીઓનાં રોગો વગર દવાઓ મટાડેલ છે. બી.પી. ડાયાબીટીસ, સાઈટીકા, અને માઈગ્રેન પેઈન જેવા ભયાનક રોગો, અઠવાડિયામાં વગર દવાએ મટાડી એલોપથી દવાઓ સામે પ્રશ્નાર્થ ઉભો કરેલ છે.



૧૨ વર્ષ જૂના માઈગ્રેન પેઈન એકાદ અઠવાડિયામાં મટાડવા અને પાંચ થી છ વર્ષ જૂના સાઈટીકા એકાદ અઠવાડિયામાં સારા કરેલ છે. ગરીબ હોય કે તવંગર તમામને સરખી સારવાર આપી યોગ અને પ્રાણાયામ દ્વારા જે કામગીરી શ્રી સત્યપ્રકાશ સૂરી દ્વારા કરવામાં આવે છે. તે પ્રસંશનીય પાત્ર છે. એક પણ પૈસો લીધા સિવાય આશ્ચર્યજનક પરિણામો પ્રાપ્ત થયેલ છે. છેલ્લા ૨૦ વર્ષથી અરવિંદ કેન્દ્રમાં ચાલતી આ પ્રવૃત્તિનો લાભ દર્દીઓએ ખાલ લેવા જેવો છે. વગર દવાએ રોગો મટાડતાં આ ઓલિયા માનવી સેકટર-૨૭ ના બી.બી. ચૌહાણ સલામ પાઠવે છે. યોગની પ્રવૃત્તિ માટે જમીન ફાળવીને આવી પ્રવૃત્તિઓને વેગ આપવો જરૂરી છે.

## ગાંધીનગરમાં વેકેશનનો આનંદ સહેલાણીઓ ઉજવે છે

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગરમાં ઉનાળુ વેકેશન ગરમીનાં મોજા સાથે જમાવટ કરી છે. શનિ-રવિ રજાઓના દિવસોમાં ગાંધીનગરના જોવાલાયક પ્રવાસન સ્થળો - સ્વામિનારાયણ - અક્ષરધામ, સેકટર-૨૮ નો બગીચો, ઈન્દ્રોડા પાર્કમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ વેકેશનની મજા બાળકો સાથે માણી રહ્યાં છે.

ઘ-૪ સર્કલ તો રાત્રી મેળાનું અનોખું સ્થાન જમાવ્યું છે. બાળકો, યુવાનો, વડીલો તથા બાઈક સવારોનો જમેલો જામે છે. રાત્રીના ભોજનનો નાસ્તાથી ઉજાણી કરવા લોકો ડબ્બા સાથે લઈને આવે છે. સાથે રમતગમતના સાધનો લઈને ફુવારાની ઠંકડ સાથે કુટુંબો આનંદ માણી રહ્યા છે.

સાથે સાથે ઘ-૨, ઘ-૫, આઈસ્ક્રીમ પાર્લરો પર રાત્રે ભીડ જામે છે. ઘ-૩ સર્કલ તો વિશેષ ભીડ જોવા મળે છે. વૃધ્ધો ઘરમાં એ.સી., એરકુલરોથી કુંટુંબો સાથે વેકેશનનો આનંદ લૂંટી રહ્યાં છે. ઘર આંગણ, મકાનોમાં નાના ભૂલકાં રમે છે. તેને વેકેશનના દિવસો મુકત રીતે આનંદ લુંટે છે.

# પાલક, તાંદળજા ને મેથીની ભાજી, રોજ ખાવ તો તબિયત રાજી કોથમીર તો ખૂબ લીલી લીલી, દાળશાકમાં નાખો તો રહેશો ખીલી

મેથી, પાલક, તાંદળજા, કોથમીર, ડુંગળી, બટાકા, ભીંડા, ટામેટાં, કોબી, ફલાવર, ગવાર, ચોળી, ટીંડોળા, પરવર, સિમલા મરચાં, દુધી, કારેલાં, સરગવો, કાકડી, ગાજર, લસણ, કંકોડા... શાકમાર્કેટમાં જાવ એટલે



અલગ અલગ લારી પર અનવવાં ભાવની બૂમો સાથે ગ્રાહકને આકર્ષવા, ખેંચી લાવવા શાકભાજી વાળા મથતાં હોય છે. શાકભાજીનો ધંધો મોટાભાગે અતિ સામાન્ય લોકો કરીને એમનું પેટીયું રળતાં હોય છે... સાંજે ૪ થી ૯ નો રોજનો તાજી શાકભાજીનો ધંધો એટલે ગૃહિણીઓ માટે પરિવારને રાંધીને ખવડાવા માટેનું મસ્ત માર્કેટ!!

ગાંધીનગરનાં સે-૭, સે-૨૧ અને સે-૨૪ નાં શાકમાર્કેટ દરેક પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. સે-૨૪માં શાકભાજીનું બકાલું કરતાં અને સાથોસાથ ભણી રહેલાં કેટલાંક યુવાનોની વાતો જાણવા જેવી છે... ૧૯૮૩માં રાજુભાઈએ બે શાકભાજીની લારી ચાલુ કરી, એક પોતાના માટે અને બીજી પત્ની નંદાબેન માટે. નંદાબેનનું પિયરીયું મુંબઈનું અને શાકભાજીનો વેપારનો અનુભવ એટલે પતિને મદદમાં લાગી ગયાં. બંનેનો સ્વભાવ લીલી શાકભાજી જેવો હરિયાળો અને આદુંવાળી ચ્હા અને કોથમીરની ચટણી મનગમતાં પદાર્થ...

એટલે આ બન્નેએ સાચુ કર્યો મસાલાનો વેપાર એટલે કે આદું, કોથમીર, મરચાં, લીંબુ, પુદીનો... બંનેએ પહેલાં દિવસથી જ નક્કી કરેલું કે બે પૈસા ઓછા મળશે તો ચાલશે પણ વસ્તુ ઓછી અને ખરાબ નહીં આપે! એમણે કરેલાં માનસિક સંકલ્પને તેઓ વળગી રહ્યાં અને એનું ફળ પણ મળ્યું. ગુણવત્તાનાં ચાહક ગ્રાહકો એમનાં નિયમિત બની ગયાં. સે-૨૪ ની માર્કેટમાં એમની લારીની જગ્યા અને ગ્રાહક બંને પાક્કાં થઈ ગયા!!

સારાં કાર્યોને કુદરત હંમેશાં સારો બદલો આપતાં જ હોય છે. રાજુભાઈ અને નંદાબેનનો મોટો દીકરો રવિ આઈ.ટી.આઈ. સીવીલ ડ્રાફટમેનનું ભણ્યો. સવારે કૉલેજ અને સાંજે મમ્મી-પપ્પાને મદદ કરવાં ધાણાંની ઝુડીઓ લઈ વેચવા ઉભો રહી જાય. આટલું ભણતર ઓછું પડ્યું અને નોકરી ના મળી અને એણે સે-૧૫ની સરકારી કૉલેજમાં બી.એ. જૉઈન કર્યું અને અત્યારે ટી.વાય.ની પરિક્ષા આપી રિઝલ્ટની રાહ જુએ છે... ગ્રેજ્યુએટ થયેલો રવિ મા-બાપનાં ધંધાને સાચવી શાકભાજી વેચવામાં જરાય નાનમ અનુભવતો

**સંબંધ સજાવે જિંદગી**

**પહેલો સગો પડોશી**

**- સંજય થોરાત**

gsrelation@yahoo.com

નથી પણ એક ઈચ્છા જરૂર છેકે હવે એ એમ.બી.એ. કરશે અને શાકભાજીનાં ધંધાને નવો આયામ આપશે!!

રાજુભાઈનાં મસાલાનો વ્યાપાર રવિ સાચવતાં આજુબાજુમાં મિત્રતા થવા લાગી. બાજુમાંથી સંજયભાઈ છેલ્લા વીસ વર્ષથી સિઝન પ્રમાણે શાકભાજી લાવે અને વેચે છે. સોબત એવી અસરની જેમ એ પણ પણ સારી શાકભાજી જ ભરે છે. સમજનારો ગ્રાહક ભાવની રકઝક કર્યા વગર શાક ખરીદી લે... રવિની સામે લારી લઈને ઉભો રહેતો અરવિંદ સે-૩૦ જી.ટી.એસ પાસે રહે છે, માત્ર ૭-૮ ચોપડી ભણેલો અરવિંદ દૂધી, ચોળી, ટામેટાં જેવા શાક પૈકી કોઈ એકાદ જ શાકથી લારી ભરી દે છે. સ્વભાવે મોજિલો એવાં આ યુવાન દિલદાર છે, ગ્રાહકને ખાલી થેલીએ પાછું નહીં જ જવા દેવામાં એ આનંદ અનુભવે છે.

રવિની પાછળ જ ટામેટાંની બૂમો પાડતો નરેશ પાછો સૌમાં અલગ છે. શિયાળાની ટામેટાંની મૌસમમાં બબ્બે રૂપિયે કિલો ટામેટાં વેચી ઉનાળામાં ૫૦ રૂપિયે કિલો ટામેટાં થાય તોય એની લારીની આઈટમ બદલતો નથી. આખાં ૨૪ ની માર્કેટમાં ટામેટાં ના હોય પણ નરેશની લારીએ તો ટામેટાં મળે, મળે ને મળે જ. એની એની છાપ... નરેશની બાજુમાં ગોઠવાયેલાં વિક્રમભાઈ ડુંગળી-બટાકાનાં વેપારી મૂળ સૌરાષ્ટ્રથી આવી ઈન્દિરાનગરમાં વસ્યાં અને પ્રામાણિકતાથી કરતાં ધંધાથી ઘરાકી એવી જામી ગઈ કે વસ્તુ ખાલી કરવાં બૂમાબૂમ નથી કરવી પડતી...

આજુબાજુમાં ગોઠવાયેલા રાજુભાઈ, નંદાબેન, રવિ, રણજીત, અરવિંદ, નરેશ, સંજય, વિક્રમ અને બીજા પણ જેમનાં નામેય યાદ ના રહ્યાં સૌ એવાં સંપીને બકાલું ચલાવે કે કયારે કોણ કોની લારી સાચવે સમજમાં જ ના આવે. રૂપિયા ભરેલો ગલ્લો મુકીને મૂળ માલિક આઘોપાછો થયો હોય પણ કયારેય કોઈ નિયમ બગાડે નહીં... રવિ પાછો સેવાભાવી છે, એણે ખાસ ઉનાળામાં આજુબાજુનાં પાડોશી મિત્રો માટે ઠંડા પાણીનાં મોટાં જગની વ્યવસ્થા કરી છે, માનો તે ઠંડા પાણીની પરબ, સૌ ત્યાં આવીને ગરમીમાં શોષ પડતાં ગળામાં અહીંથી જ ઠંડુ પાણી પી સંતૃપ્તતા અનુભવે... દિવસ દરમિયાન લાગનારો પાંચેક કિલો બરફનો ખર્ચો બોલ્યા વગર આ ભાઈ ઉઠાવે છે!!

આ બધાં યુવાન-તરવરીયા યુવાો સામાન્ય પરિસ્થિતિના છે, પણ ઘરાકને ઉધાર આપવમાં કે છૂટા ના હોય તો પૈસા પાછઆ આપશે એવા



વિશ્વાસે એમ જ શાકભાજી ભરી આપે છે. ગરીબ અને માંગવાવાળાને માર્કેટ બંધ થવાનાં સમયે એમનાંથી શક્ય એટલું શાક એમની થેલીમાં પધરાવે છે... આ લોકને ગ્રાહકથી વધીને કાંઈ નથી એટલે ગ્રાહકનો રાજીપો મેળવવાં હંમેશાં ત્રાજવું ગ્રાહક બાજું નમતું રાખે છે!! પ્લાસ્ટીકમાં ઝબલાનાં પ્રતિબંધ છતાંય આ લોકોને મજબૂરીથી ઝભલાં રાખવાં પડે છે. એમની વ્યથા એ છે કે શિક્ષિત પ્રજા જો અમને સહયોગ કરે તો અમારે શું કામ ચોરીછૂપીથી ઝભલાં રાખવા પડે? અમે આવું ના કરીએ તો ગ્રાહક ચાલ્યું જાય અને અમારી આવક ઘટે... પર્યાવરણને બચાવવાં આ અશિક્ષિત લોકો જાગૃતિ છે પણ આપણે એમને મજબૂર બનાવીએ છીએ... લીલીછમ્મ શાકભાજીને હરિયાળા સ્વભાવથી વેચતાં આ સામાન્ય વેપારીઓનો ભાઈચારો ટેસ્ટી ઉંધીયા જેવો લાગે છે!!

## લીલાં શાકભાજીનો રોજિંદો વેપાર કરી ગુજરાન ચલાવતાં સે-૨૪નાં નાનાં વેપારીઓ રાજુભાઈ, નંદાબેન, રવિ, રણજીત, અરવિંદ, નરેશ, સંજય, વિક્રમ ગ્રાહકનાં રાજીપા માટે નમતું પલ્લું રાખે છે

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૧૯

### તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૬ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૪ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૨.૪૫, ૩.૦૦, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** એમઆઈબી-૩ (હિન્દી) : ૧૦.૧૫
ઈશકઝાદ : ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૧૫
એમઆઈબી-૩ (અંગ્રેજી) : ૬.૦૦
છોટા ભીમ : ૮.૧૫

**સ્ક્રીન-૩ :** ઈશકઝાદ : ૧૦.૦૦, ૭.૦૦
ડિપાર્ટમેન્ટ : ૧.૦૦, ૧૦.૦૦
હાઉસફુલ-૨ : ૪.૦૦

**સ્ક્રીન-૪ :** રક્તબીજ : ૧૦.૦૦
જન્નત-૨ : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦, ૧૦.૧૫
છોટા ભીમ : ૫.૩૦
એમએલએ : ૭.૪૫

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** મેન ઈન બ્લેક (હિન્દી)૩ડી : ૯.૦૦, ૧૧.૧૫, ૩.૧૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
છોટા ભીમ : ૧.૩૦

**સ્ક્રીન-૨ :** ઈશકઝાદે : ૧૦.૧૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :** યે ખુલા આસમાન : ૧૦.૧૫, ૨.૪૫, ૭.૪૫
વીકી ડોનર : ૧૨.૧૫
વીર હમીરજી- સોમનાથની સંગાથે (ગુજરાતી) : ૪.૪૫
ડિપાર્ટમેન્ટ : ૧૦.૧૫

**સ્ક્રીન-૪ :** લવ રેસીપી : ૯.૩૦, ૨.૩૦
જન્નત-૨ : ૧૨.૦૦, ૧૦.૩૦
ડિપાર્ટમેન્ટ : ૫.૦૦
વીકી ડોનર : ૮.૦૦

**સૂર્યા, વાવોલ**

કહર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
વીર હમીરજી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**આંબેડકર હોલ**

- શ્રીએસ.બી. પટેલ મતદાર નોંધણી અધિકારી ૩-૫ ગાંધીનગર (દ.) વિધાનસભા મતદાર અંગેનો કાર્યક્રમ બપોરે ૧૨.૦૦ કલાકે.

### આપની આજ

**૧૨ કિશોર ત્રિવેદી**

**મેષ :** બિનજરૂરી કાર્યોથી દૂર રહેવું હિતાવહ છે. વેપારમાં ઉન્નતિ થતી જણાશે. મિત્રો અને કુટુંબનાં સભ્યોનો સાથ સહકાર મળી શકે છે. કોઈ અગત્યનું કાર્ય પૂર્ણ થવાથી આનંદ થશે. પોતાની દિનચર્યા વ્યવસ્થિત રાખવી પડશે.

**વૃષભ :** પ્રયત્ન, પરિશ્રમ સાર્થક થશે. વેપાર- ધંધામાં સમય પર લેવામાં આવેલ નિર્ણય લાભદાયી નીવડી શકે છે. નવા કાર્યોમાં મિત્રોના સહયોગથી નવા કાર્યોમાં સફળતા મળવાના યોગો છે.

**મિથુન :** આજીવિકાના ક્ષેત્રમાં પ્રગતિની સંભાવના જણાય છે. લાભની આશા પ્રબળ બનતી જણાય. રાજ્ય પક્ષના કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે. પઠન-પાઠનમાં રૂચિ વધશે.

**કર્ક :** વ્યવસાયમાં પ્રગતિનો યોગ બનવાથી લાભની આશા પ્રબળ થશે. રાજ્ય પક્ષનાં કાર્યોમાં પરિવર્તનનાં યોગ બનશે. સ્નેહીજનો સાથે સંબંધોમાં મધુરતા જળવાઈ રહે.

**સિંહ :** અટવાયેલા નાણાં પરત મળી શકે છે. ભૂમિ - મકાન વગેરેની ખરીદી થઈ -શકે છે. વિદ્યાર્થીઓએ નવીન ભાવુકતા ત્યાગવી, નહીં તો હાનિ થઈ શકે છે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થશે.

**કન્યા :** તમે તમારી તીણી વિવેક બુદ્ધિ અને સાચ્ચા અનુમાન લગાવવાની ક્ષમતાને કારણે સફળતા અને સમ્માન પ્રાપ્ત કરી શકશો. નવી યોજનાઓનો પ્રારંભ થઈ શકે છે. સાહિત્ય પઠન અને સૃજનમાં રૂચી વધશે.

**તુલા :** ભૂલ કરવાથી વિરોધી પક્ષ હાવી થઈ શકે છે. સમસ્યઓનો ઉકેલ બુદ્ધિમત્તાથી કરવો હિતાવહ રહે. વ્યવસાયિક લાભ થઈ શકે છે. કોઈથી ભેટ મળે તેવી શક્યતાઓ છે. સંપર્ક ક્ષેત્ર વિસ્તૃત કરો.

**વૃશ્ચિક :** નોકરી- વેપાર ક્ષેત્રમાં સફળ યાત્રા થઈ શકે છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓથી થતી જણાશે. કૌટુંબિકજીવનમાં વિખવાદ પેદા ન થાય તેનું ધ્યાન રાખવું.

**ધન :** માનસિક સંતોષ પ્રસન્નતા જળવાઈ રહેશે. સંતાનની પ્રગતિના સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરેલ કાર્યોનું ફળ મળી શકે છે. વેપાર અર્થે આર્થિક સ્થિતિ સુદૃઢ બનતી જણાય. સુખદ યાત્રાનો યોગ.

**મકર :** સંપત્તિની ખરીદારીમાં લાભ થઈ શકે છે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થઈ શકે છે.

**કુંભ :** માનસિક સંયમનું પાલન કરવું . વિશેષ યાત્રા કલાત્મક કાર્યોમાં લાભ પ્રાપ્તિનો થઈ શકે છે. નોકરીમાં પદ- ઉન્નતિ થઈ શકે છે.

**મીન :** કોઈ વિશિષ્ટજનની સલાહ તમારી સ્થિતિમાં લાભકારી પરિવર્તન કરશે. વિશેષ લેવડ- દેવડમાં ધ્યાન રાખવું . ધાર્મિક કાર્યોમાં રુચિ, વૃદ્ધિ થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં તમે જોડાઈ શકો છો. આર્થિક ક્ષેત્રમાં ગહન શોધ વગેરેનો યોગ.

### ચિરવિદાય

- સ્વ. કમળાબેન રમણભાઈ પટેલ (ઉ.વ.૭૩) મુ. કુડાસણ, ૨, અક્ષર બંગલો, ઈન્ફોસીટી, ગાંધીનગર.
- સ્વ. મોહનભાઈ ત્રિકમભાઈ પરમાર (ઉ.વ. ૭૫) પ્લોટ નં. ૪૬/૧, લક્ષ્મીનારાયણ સોસાયટી, સેકટર-૧૪, ગાંધીનગર.